**Your Home Your Safety**

# હાઈ રાઈઝમાં રહેવું

## બિલ્ડિંગ સેફ્ટી ફરિયાદ કેવી રીતે નોંધાવવી



**બિલ્ડિંગ સેફ્ટી રેગ્યુલેટર (Building Safety Regulator, BSR) તરીકે, હેલ્થ એન્ડ સેફ્ટી એક્ઝિક્યુટિવ (Health and Safety Executive, HSE) પાસે ઈંગ્લેન્ડમાં બહુમાળી રહેણાંક બિલ્ડિંગની સલામતી સુનિશ્ચિત કરવા માટે વૈધાનિક સત્તાઓ છે. આ બિલ્ડિંગો 18 મીટર ઊંચી અથવા સાત માળ કે તેથી વધુ હોય અને BSRમાં નોંધાયેલ હોવી જરૂરી છે.**

સલામતીની ખાતરી કરવા માટે, તમારી બિલ્ડિંગ માળખાકીય રીતે મજબૂત અને આગ ફેલાવાથી સુરક્ષિત હોવી જોઈએ.

## બિલ્ડિંગની સલામતીની ચિંતાઓની જાણ કરવી

તમારી બહુમાળી બિલ્ડિંગની સલામતી માટે જવાબદાર વ્યક્તિ અથવા એન્ટિટીને 'મુખ્ય જવાબદાર વ્યક્તિ' (Principal Accountable Person, PAP) અથવા 'જવાબદાર વ્યક્તિઓ' (Accountable Persons, APs) તરીકે ઓળખવામાં આવે છે.

જો તમને બિલ્ડિંગની સલામતી અંગે કોઈ ચિંતા હોય, તો તમારે પહેલા તેની જાણ PAP અથવા APs-ને કરવી જોઈએ. આ કરવા માટે તેમની પાસે સ્પષ્ટ પ્રક્રિયાઓ હોવી જોઈએ.

**તમે તમારા PAP અથવા AP-નો સંપર્ક આ માટે કરી શકો છો:**

- બિલ્ડિંગની સલામતીની ચિંતાઓ માટે
- તમે પહેલાથી જ ઉઠાવેલી ચિંતાનો પ્રતિભાવ મેળવવા
- તમારા PAP/AP-ની રહેવાસી સામેલગીરી
- બિલ્ડિંગ સુરક્ષા વ્યવસ્થાપન

**PAP/AP-ને ચિંતા મળે છે:**

- રસીદની પુષ્ટિ કરવા
- સંબંધિત ચિંતા તરીકે સ્વીકારે

**અથવા**

- કારણ આપીને નકારે

**જો સ્વીકારવામાં આવે, તો PAP/AP ચિંતાની તપાસ કરે છે:**

1. પ્રતિભાવ માટે અપેક્ષિત સમય આપે છે
2. અપડેટ્સ પૂરા પાડે છે (જ્યાં જરૂરી હોય)
3. આ સમજાવતા પ્રતિભાવ પૂરો પાડે છે:
   - તેઓએ શું કર્યું
   - સમસ્યાઓ ઉકેલવા માટેની સમયરેખા
   - પ્રતિભાવને કેવી રીતે પડકારવો

## જો તમે હજુ પણ સંતુષ્ટ ન હોવ

**તમે પ્રતિભાવ અથવા નિર્ણયને પડકારી શકો છો જ્યાં:**

- તમે અંતિમ પ્રતિભાવ અથવા નિર્ણયથી સંતુષ્ટ ના હોવ
- તમારી પાસે વણઉકેલાયેલી સમસ્યાઓ હોય

તમારે તમારા પડકાર માટેના કારણોની વિગતો આપવી જોઈએ અને પુરાવા આપવા જોઈએ.

**જો તમે હજુ પણ અસંતુષ્ટ હોવ તો તમે BSR ને ફરિયાદ કરી શકો છો:**

- તમે પડકાર પછી અંતિમ નિર્ણયથી સંતુષ્ટ ના હોવ
- તમારી પાસે વણઉકેલાયેલી સમસ્યાઓ હોય
- તમને તમારા PAP અથવા AP તરફથી કોઈ જવાબ મળ્યો ના હોય

## તમારે BSR-ને સીધી ફરિયાદ ક્યારે કરવી જોઈએ

- તમારી બિલ્ડિંગ બહુમાળી બિલ્ડિંગના રજિસ્ટરમાં નોંધાયેલી ના હોય
- PAP અથવા APs પાસે ચિંતાઓ વ્યક્ત કરવા માટે કોઈ નીતિ કે પ્રક્રિયા ના હોય
- તમે તમારી ચિંતાઓ સીધી PAP અથવા APs સાથે રજૂ કરવામાં અસમર્થતા અનુભવો

## BSRને સંપર્ક કરવું

**ઑનલાઈન: www.gov.uk/guidance/contact-the-building-safety-regulator**

**ટેલિફોન: 0300 790 6787**

ખુલે છે: સોમવાર, મંગળવાર, ગુરુવાર અને શુક્રવાર, સવારે 8:30 થી સાંજે 5 વાગ્યા સુધી; બુધવાર, સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી. બંધ રહે છે: શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ.

## વધુ મદદની જરૂર છે?

જો તમને તમારી બિલ્ડિંગ વિશે અન્ય ચિંતાઓ હોય, તો યોગ્ય સંપર્કો શોધવા માટે અમારી ઑનલાઈન ગાઈડનો ઉપયોગ કરો. અમે તમારી બહુમાળી કમ્યૂનિટિમાં સુરક્ષિત રહેવામાં મદદ કરવા માટે અહીં છીએ.

**વધુ માહિતી માટે, કૃપા કરીને અમારી વેબસાઈટના QR કોડનો ઉપયોગ કરીને મુલાકાત લો, અથવા 'Your Home, Your Safety' ઑનલાઈન શોધો.**